# શનિવાર મધ્યરાત્રિથી ઉલ્કાવર્ષાનો અવકાશી નજારો

અમદાવાદ, તા.૧૨

દુનિયાભરમાં લોકોએ જાન્યુઆરીમાં ક્વોડરેન્ટીડસ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નજરે નિહાળી હતી. ૧૦૫ દિવસના વિરામ બાદ ફરીને ઉલ્કાવર્ષાનો પ્રારંભ થનાર છે તેમાં વિશ્વમાં તા. ૧૯મી શનિવાર મધ્યરાત્રિથી ૨૩મી એપ્રિલ સુધી લાયરીડસ ઉલ્કાવર્ષા આકાશમાં જોવા મળશે. વિશ્વના ખગોળ વૈજ્ઞાનિકોએ દરિયાઈ તથા પર્વતીય વિસ્તારોમાં પડાવ નાખવાની તૈયારી આરંભી છે ત્યારે રાજયમાં જાગૃતોને અવકાશી ઉલ્કાવર્ષનો અદભૂત નજારો નિહાળવા ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરીએ અપીલ કરી છે. રાજયભરમાં ખગોળીય આનંદ લૂંટવા માટે જાથાએ ખાસ આયોજન આદર્યા છે.

તા.૧૯મી શનિવાર મધ્યરાત્રિથી ચાર દિવસ સુધી આકાશમાં લાયરડીસ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. તા. ૨૧મીએ આકાશમાં રીતસર ઉલકાવર્ષાનો વરસાદ જોવા મળશે. કલાકના ૧૫થી ૧૦૦ ઉલ્કાવર્ષા પડતી જોવા મળશે. દિવાળીના ફટાકડાની આતશબાજીના રોમાંચક દશ્યો આકાશમાં જોવા મળશે. અવકાશી અજ્ઞાનતાના કારણે આકાશમાં અગ્નિના બિહામણા દશ્યો જોઈ અમુક લોકો અચંબા સાથે હોનારત જેવો ભય અનુભવે છે. વાસ્તવમાં અવકાશમાં ઉલ્કાનો રીતસર વરસાદ હોય છે.

લાયરીડસ ઉલ્કાવર્ષા મહત્તમ ચાર દિવસ શનિવાર પરોઢથી મંગળવાર સુધી આકાશમાં જોવા મળશે. નરી આંખે નિર્જન જગ્યાએથી સ્પષ્ટ રીતે જોઈ શકાય છે. ઉલ્કાવર્ષા વર્ષ દરમિયાન ૧૦ થી ૧૨ વખત અને વધુમાં વધુ ૫ વખત આકાશમાં જોવા મળે છે. આ ઉલ્કાવર્ષાઓ પાછળ ધૂમકેતુઓ કારણભૂત છે. સૌરમંડળમાં એવા પણ ધૂમકેતુઓ છે કે જે પોતાના સૂર્ય ફરતેના ભ્રમણ દરમિયાન પૃથ્વીની ભ્રમણ કક્ષાને કાપે છે. આ ધૂમકેતુઓનું સતત વિસર્જન થતું રહેતું હોય છે અને તેમાંથી વિસર્જીત થયેલ પર્દાફાશ ધૂમકેતુની દિશા જાળવી રાખે છે. આ રીતે જોઈએ તો દરેક ધૂમકેતુ પાછળ વિસર્જીત પદાર્થોનો શેરડો છોડતો જાય છે. જયારે પૃથ્વી પર આ વિસર્જીત પદાર્થોની વચ્ચેથી પસાર થાય છે ત્યારે સાપેક્ષ વેગના કારણે આ ટુકડાઓ પ્રચંડ વેગે પૃથ્વીના વાતાવરણમાં પ્રવેશે છે. આવા સમયે તેમનો મહત્તમ વેગ સેકન્ડના ૩૦ કિલોમીટર જેટલાનો અનુમાન રખાય છે. વાતાવરણમાં રહેલ વાયુઓ સાથે ઘર્ષણના કારણે આ ટુકડાઓ સળગી ઉઠે છે અને તેજ લીસોટા, અગ્નિ સ્વરૂપે અવકાશમાં જોવા મળે છે. ફાયરબોલ, અગનગોળા કે ઉલ્કાવર્ષા કહેવાય છે. ઈન્ટરનેશનલ મેટીયોર ઓર્ગેનાઈઝેશન ઉલ્કા પડવાની નોંધ રાખે છે.

ઉલ્કા વર્ષા નિહાળવા મધ્યરાત્રિ બાદ અને વહેલી પરોઢનો સમય શ્રેષ્ઠ છે. મોટે ભાગે વહેલી પરોઢે મહત્તમ ઉલ્કા વરસાદ જોવા મળે છે. વિદેશમાં લોકો દરિયાઈ કિનારે તથા પર્વતીય-ખડકાળ, નિર્જન જગ્યાને પસંદ કરી ચાર-પાંચ દિવસનો પડાવ નાખે છે. ચારેય દિશામાં ખગોળરસિકોને ગોઠવી ઉલ્કાના આંકડાની નોંધ રાખવામાં આવે છે. સેકન્ડની ગણતરીમાં દિવાળીની આતશબાજી, રંગબેરંગી ફટાકડાના દશ્યો અવકાશમાં જોવા મળે છે.

## મહાવીર જયંતિના પુનિત અવસરે રાજયપાલશ્રીની શુભેચ્છાઓ

ગાંધીનગર, તા.૧૨

ભગવાન મહાવીરની જન્મજયંતના પુનિત અવસરે ગુજરાતના રાજયપાલ ડો. શ્રીમતી કમલાજીએ નાગરિકોને હાર્દિક શુભકામનાઓ પાઠવી છે.

સિદ્ધાંતો વિશ્વભરમાં પ્રસ્થાપિત કર્યા છે. તેમણે માનવજાતિને સત્યનો રાહ દેખાડયો. તેમના મહાન ઉપદેશો આપણને જીવનમાં આત્મસાત્ કરવાની પ્રેરણા પ્રદાન કરે છે.



બનાસકાંઠા જિલ્લાના શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આંગણવાડીમાં ફરજ બજાવતી બહેનો આજ રોજ જિલ્લા પંચાયત ખાતે એકત્ર થઈ હતી. મહિલાઓ દ્વારા તેમના પડતર પ્રશ્નોને લઈ તંત્ર સમક્ષ ચિમકી ઉચ્ચારવામાં આવી હતી કે જો અમારી માંગણીઓ નહિ સંતોષાય તો જિલ્લાની તમામ આંગણવાડી કાર્યકર બહેનો ચૂંટણીમાં નોટાનો ઉપયોગ કરશે. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)





પ્રચાર-પ્રસાર માટે અવનવા પ્રયોગો વિવિધ પક્ષો અપનાવે છે. 'નમો ચાય..' દ્વારા પણ વિશેષ આકર્ષણ ઉભું કરવામાં આવ્યું છે. (તસવીર : કશ્યપ નિમાવત)

## રાજ્યની ૪૫૦થી વધુ કોલેજોમાં યોજાશે પરીક્ષા

અમદાવાદ, તા.૧૨

લોકસભાની ચૂંટણીના કારણે ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી (જીટીયુ) સાથે સંકળાયેલ ઈજનેરી, ફાર્મસી, એમબીએસ, એમસીએ સહિત વિવિધ વિદ્યાશાખાની કોલેજોના વિદ્યાર્થીઓની પ્રેક્ટિકલ પીરક્ષા વહેલી યોજવા માટેનો નિર્ણય કરવામાં આવ્યો છે.

## રસ્તાના રિસરફેસ પાછળ કરોડો રૂપિયા છતાં સ્થિતિ ખરાબ

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા વરસાદની સિઝનમાં રોડ ધોવાઈ ગયા બાદ કરોડો રૂપિયા રોડના રિસરફેસ પાછળ ફાળવવામાં આવ્યા છે. રોડના રિસરફેસ માટે મુકેલી કરોડો રૂપિયાની દરખાસ્તો સ્ટેન્ડીંગ કમિટી દ્વારા મંજુર કરી દેવામાં આવી છે. તેમ છતાં રોડ તેવાને તેવા જ રહ્યા છે. વરસાદની સિઝનને મહિનાઓ વીતી ગયા છતાં પણ શહેરના ઘણા રસ્તાઓ બિસ્માર હાલતમાં છે. જેના કારણે વાહનચાલકોને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે. શહેરના નવા પશ્ચિમ ઝોનના જોધપુર વોર્ડમાં આવેલા આનંદનગર રોડ પાછળ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રૂપિયા ૧૦ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે તેમ છતાં તે રોડ ઉપર ઘણી જગ્યાએ ખાડાઓ પડેલા છે અને રસ્તાઓ ધોવાઈ ગયા છે જેના કારણે વાહનચાલકોને ડિસ્કો કરતાં કરતાં વાહન ચલાવવા પડે છે.

# ચૈત્ર સુદ પૂનમે ઉજવાતી હનુમાન જયંતિની કેમ્પમાં ચાલી રહેલી તડામાર તૈયારીઓ

### શ્રી હનુમાનજી મંદિર કેમ્પ ટ્રસ્ટ દ્વારા અમદાવાદમાં અતિભવ્ય શોભાયાત્રાનું આયોજન

અમદાવાદ, તા. ૧૨

● ૩૫૧ કિલોની મિલ્ક કેક હનુમાનજીને ધરાવવામાં આવશે ● શોભાયાત્રા અમદાવાદની અલગ અલગ વિસ્તારોમાં ફરી અંદાજે આઠ કલાકે હનુમાન કેમ્પ પરત ફરશે ● હનુમાનજીની શોભાયાત્રા અમદાવાદ સિવાય ભારતવર્ષમાં ક્યાંય ઉજવવામાં આવતી નથી ● ૧૫૦ થી વધુ સ્વયંસેવકો નિસ્વાર્થભાવે સેવા આપી રહ્યા છે.

શ્રી હનુમાનજી મંદિર કેમ્પ ટ્રસ્ટ દ્વારા તા. ૧૪મી એપ્રિલ, ૨૦૧૪, સોમવારના રોજ હનુમાનજીની ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલું છે જેમાં અમદાવાદના ટ્રસ્ટ, મંડળો, વિવિધ મંદિરો, સોસાયટીઓ તેમજ જાહેર જનતા જે વરસોવરસ જોડાય છે અને આ વર્ષે પણ જોડાવા અપિલ કરવામાં આવી છે. શોભાયાત્રામાં પ્રસાદીરૂપે ૨૫૦૦ કિલો બુંદી અને ૧૫૦૦૦ કેળા તથા ચોકલેટનો સમાવેશ કરવામાં આવશે.

ચૈત્ર સુદ પૂનમ તા. ૧૫મી એપ્રિલ, ૨૦૧૪, મંગળવારના રોજ રામભક્ત હનુમાનજીની જન્મ જયંતિના પ્રસંગે શાહીબાગ કેમ્પ સ્થિત શ્રી હનુમાનજી મંદિરે ભવ્ય ઉજવણીની તડામાર તૈયારીઓ



ચાલી રહી છે. આ નિમિતે હનુમાનજીને ૩૫૧ કિલો માવાની કેક ધરાવવામાં આવશે તેમજ મંદિર પર નવી ધજા ચઢાવવામાં આવશે. શ્રી હનુમાનજી મંદિર કેમ્પના ટ્રસ્ટીઓ તેમજ પૂજારી પરિવારના જણાવ્યા અનુસાર, "હનુમાનજીની શોભાયાત્રા ભારતવર્ષમાં ક્યાંય ઉજવવામાં આવતી નથી, હનુમાનજી કેમ્પ દ્વારા છેલ્લા ૧૨ વર્ષથી આ શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે.

હનુમાનજી પોતાના જન્મદિન નિમિતે પિતા વાયુદેવતાને પ્રણામ કરવા અને આશિર્વાદ લેવા પધારે છે તેવી આ યાત્રા પાછળની ભાવના છે. શોભાયાત્રાની વિશિષ્ટતા એવી છે કે હનુમાનજીને પવન પુત્ર કહેવાયા હોવાથી આ શોભાયાત્રા માત્ર વાહનો ઉપર જ અમદાવાદની પ્રદક્ષિણા કરશે. શોભાયાત્રામાં વિવિધ પ્રકારના સુશોભિત કરેલા વાહનોમાં ૩૦ જેટલી ટ્રકો તેમજ કાર અને અન્ય નાના-મોટા વાહનોનો સમાવેશ કરવામાં આવશે. ૧૫૦થી વધુ સ્વયંસેવકો છેલ્લા ૧૨ વર્ષથી શોભાયાત્રામાં નિસ્વાર્થભાવે સેવા આપી રહ્યા છે.

શોભાયાત્રા સવારે ૮:૦૦ કલાકે હનુમાન કેમ્પથી નીકળી સુભાષબ્રીજ, આશ્રમરોડ, ડીલાઈટ, પાલડી, વાસણા શ્રી વાયુદેવતાજીનાં મંદિરેથી અંજલી ચાર રસ્તા, ધરણીધર, વિજય ચાર રસ્તા, નવરંગ સ્કૂલ, સરદાર પટેલ બાવલા, ઉસ્માનપુરા થઈ નીજ મંદિરે પરત ફરશે. બપોરના ૧૨:૩૦ કલાકે શ્રી વાયુદેવતાજી મંદીરે (વાસણા) મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું છે. આ શોભાયાત્રા અંદાજે ૮ કલાક ચાલશે.

# દેશમાં IES પરીક્ષા ૨૦મી જુનના રોજ લેવામાં આવશે

અમદાવાદ, તા.૧૨

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા યોજવામાં આવતી ઈન્ડિયન એન્જીનીયરીંગ સર્વિસ ૨૦૧૪ની પરીક્ષાનું નોટિફીકેશન બહાર પાડવામાં આવ્યું છે જે મુજબ આ પરીક્ષા માટે સિવિલ એન્જીનીયરીંગ, ઈલેક્ટ્રોનિકલ અને ટેલિકોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રિકલ બ્રાન્ચના વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કરી શકે છે.

આ પરીક્ષા આગામી ૨૦મી જુને દેશભરમાં એક સાથે લેવામાં આવશે. પ્રાપ્ત થતી માહિતી મુજબ કેન્દ્ર સરકારના વિવિધ એન્જીનીયરીંગ અધિકારીઓનાં કલાસ વન પર માટે ઉમેદવાર પસંદ કરવા યુનિયન પબ્લિક સર્વિસ કમિશન દ્વારા ઈન્ડિયન એન્જીનીયરીંગ સર્વિસની પરીક્ષા લેવામાં આવે છે. જે મુજબ વર્ષ ૨૦૧૪ની આઈઈએસની પરીક્ષાનું નોટીફીકેશન બહાર પાડવામાં આવ્યુ છે. જેના માટે સિવિલ એન્જીનીયરીંગ, ઈલેક્ટ્રોનિક એન્ડ ટેલિકોમ્યુનિકેશન અને ઈલેક્ટ્રિક બ્રાન્ચના વિદ્યાર્થીઓ ઓનલાઈન અરજી કરી શકે છે. જેના માટે વયમર્યાદા ૨૧ થી ૩૦ વર્ષની નક્કી કરવામાં આવી છે. આ પરીક્ષામાં ભાગ લેવા માટે ઉમેદવારો ૨૧મી એપ્રિલ સુધી ઓનલાઈન અરજી કરી શકાશે ત્યાર બાદ ૨૦મી જુને દેશભરમાં એક સાથે આઈઈએસની પરીક્ષા લેવામાં આવશે જેમાં પહેલા સેકશન ઓબ્જેક્ટિવ પ્રકારના પ્રશ્નો હશે તો બીજી સેકશન વર્ણનાત્મક પ્રકારના પ્રશ્નો હશે.

## શબ્દાવલી - ૫૩૬૫

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ■ | ૪ | ૫ | | ૬ |
| ૭ | | | ૮ | ■ | | ■ | |
| ૯ | | ■ | | ■ | ૧૦ | | |
| | ■ | ૧૧ | | ૧૨ | | ■ | ■ |
| | ■ | ૧૩ | | | ■ | ૧૪ | ૧૫ |
| ■ | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | | |
| ૧૯ | | ■ | ૨૦ | | | | ■ |
| ૨૧ | | | ■ | | ■ | ■ | ૨૨ |

**આડી ચાવી**

૧. આડોઅવળો નહિ પણ સીધો (૩)
૪. વિદેશ, દેશ... (૪)
૭. મુસ્લિમોનો પવિત્ર મહિનો (૪)
૯. હનુમાનદાદાનો વાર (શબ્દકોષ ચાલશે) (૨)
૧૦. મડદાપેટી, જનાજો (૩)
૧૧. ઘર-કુટુંબ-કબીલો વગેરે (૪)
૧૩. રોતડુ, વાતે વાતે રોવે તેવું (૩)
૧૪. બકરો (૨)
૧૬. વાસણ પછડાતા અણુક ભાગો ખાડા જેવું જાય તે (૨)
૧૭. અંતર, એક માપ (૨)
૧૯. અંતર, એક માપ (૨)
૨૦. અભિજ્ઞાન..., શકુન્તલા અને રાજા દુષ્યન્તનો ગ્રંથ (૪)
૨૧. એક જાતના ફુલ (૩)
૨૨. જનની, માવડી (૧)

**ઊભી ચાવી**

૧. લોઢાને સોનું બનાવનાર મણિ (૫)
૨. નાડી, લોહીનું પરિભ્રમણ કરતી નસો (૩)
૩. મુસ્લિમો ઉપવાસ કરે તેને... કહે (૨)
૫. ગતિ, તેજ ચાલ (૪)
૬. હિન્દીમાં સોગંધ, સમ (૩)
૮. ધૃણા, તિરસ્કાર (૪)
૧૧. ઘર જેવા સંબંધો (૩)
૧૨. કૃષ્ણનું બાળસ્વરૂપ (૫)
૧૪. દુકાળનું હિન્દી (૩)
૧૫. લોક, સમુહ (૨)
૧૬. માળો, નિડ, હિન્દીમાં...(૩)
૧૮. સાચુ, સત્ય (૨)
૧૯. ક્રોધ, રોષ (૨)

### શબ્દાવલી ૫૩૬૪ના જવાબ

**આડી ચાવી :-** (૧) સરોકાર (૪) ટપોરી (૭) તખત (૯) કાજ (૧૦) વાહર (૧૨) રવ (૧૩) રેલા (૧૬) ધનુરવા (૨૧) વાણવટુ (૨૩) ચાલન (૨૪) ટોચ (૨૫) ખરલ (૨૬) બસ

**ઊભી ચાવી :-** (૧) સથવારો (૨) કાતર (૩) રખ (૫) પોકાર (૬) રીજવવુ (૮) તપ (૧૧) હલાલ (૧૪) મધ (૧૫) કારણ (૧૭) નુવાન (૧૮) વાવટો (૧૯) પાલખ (૨૦) ભુચાલ (૨૨) ટુચકો

### ભાજપ નારાજ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈશારામાં ચૂંટણી પંચ સમક્ષ આગળી ચિંઘતા કહ્યું હતું કે ખરેખર તો ચૂંટણી પંચની નોટિસ મળ્યા બાદ પણ આઝમ ખાને તેમનું કોમી ભાષણ ચાલુ રાખ્યું હતું. જેનો ચૂંટણી પંચે તેમના ગઈકાલના આદેશમાં પણ ઉલ્લેખ કર્યો હતો જ્યારે અમિત શાહ વિશે ચૂંટણીપંચે ગઈકાલના આદેશમાં આવી કોઈ પણ ટિપ્પણી કરી નથી તેમ છતાં આઝમ ખાનના ગુનાની સજા અમિત શાહને અપાઈ છે જે ચૂંટણી પંચનું પગલું ન્યાય સુસંગત નથી. રવિશંકર પ્રસાદે ઉત્તરપ્રદેશમાં અમિત શાહની કામગીરીના ભારોભાર વખાણ ખરતા કહ્યું કે ઉત્તરપ્રદેશની ૮૦ અને બિહારની ૪૦ બેઠકોના પરિણામો આ આ વખતે ચમત્કાર સર્જાશે અને મોટાભાગની બેઠકો લગભગ તથા તેના સહયોગી પક્ષને મળશે. દરમિયાન સમગ્ર દેશમાં નરેન્દ્ર મોદી તરફેણમાં લહેર હોવાનો દાવો કરતા તેમણે જણાવ્યું કે દેશની જનતા પરિવર્તન ઈચ્છે છે અને મતદારો નરેન્દ્ર મોદીને એક આશાના રૂપમાં જુએ છે. નરેન્દ્ર મોદીના લગ્ન જીવન વિશે કોંગ્રેસ જે રીતે પ્રશ્નો ઉઠાવી રહી છે તેની સખત ઝાટકણી કાઢતા રવિશંકરે જણાવ્યું હતું કે ભાજપ વ્યક્તિગત પ્રશ્નો ક્યારેય ઉઠાવતો નથી. જો અમારે કોંગ્રેસ જેવી હલ્કી રાજનીતિ કરવી હોય તો નહેરૂ, ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધી વિશે ઘણા પ્રશ્નો કરી શકાય તેમ છે. ઈતિહાસના પાનાઓ પણ તેમના વ્યક્તિગત જીવનના પ્રશ્નોથી ભરાયેલા છે પરંતુ અમે તેમ કરવા માંગતા નથી.

### સિલસિલો યથાવત

● અનુસંધાન પહેલાનું ચાલુ

મતદાનને લઈને પહેલાથી જ તમામ તૈયારી કરી લેવામાં આવી હતી. આજે આસામમાં ત્રણ, ગોવામાં બે, સિક્કિમ અને ત્રિપુરામાં બે એક બેઠક પર મતદાન થયું હતું. કોઈ પણ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તમામ પગલા લેવામાં આવ્યા હતા. ચાર રાજ્યોમાં મતદાનની શરૂઆત થયા બાદ કેટલીક જગ્યાએ લાંબી લાઈનો જોવા મળી હતી. જ્યારે કેટલીક જગ્યાઓએ શરૂઆતમાં ઓછી લાઈનો જોવા મળી હતી. જો કે, મોડેથી તમામ જગ્યાએ ઉંચુ મતદાન થયું હતું. આસામના કરીમગંજ, સિલ્ચર અને સ્વાયત્ત જિલ્લામાં મતદાન શરૂ થયું હતુ. આ ત્રણ સીટ માટે કુલ ૨૯૩૩૦૭૫ મતદારો મેદાનમાં હતા. તેમના પૈકી મોટા ભાગના મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા સજ્જ દેખાયા હતા. કરીમગંજમાં વર્ષ ૨૦૦૪ અને ૨૦૦૯માં કોંગ્રેસના લલિત મોહનની જત થઈ હતી. ગોવાની ઉત્તરીય સીટ પરથી ભાજપના યેસ્કો નાઈકને જવાબદારી સોંપવામાં આવી હતી. ભાજપ તરફથી તેમના આ ઉમેદવારને સારી અપેક્ષા છે. નાઈક વર્ષ ૨૦૦૯માં જીતી ગયા હતા. સિક્કમમાં પણ ભાજપ પ્રથમ વખત ખાતુ ખોલે તેવી શક્યતા દેખાઈ રહી છે. સિક્કિમમાં ૩૭૦૭૩૧ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે સજ્જ હતા. ત્રિપુરામાં આ બેઠક પર વર્ષ ૧૯૯૬થી સીપીએમના ઉમેદવારની જીત થઈ છે. ત્રિપુરામાં પણ સાવચેતીના તમામ પગલા લેવામાં આવ્યા છે. આસામમાં કરીમગંજ, સિલ્ચર, અને સ્વશાસી ક્ષેત્ર, ગોવામાં ઉત્તરીય ગોવા અને દક્ષિણી ગોવા , સિક્કિમમાં એક અને ત્રિપુરામાં પૂર્વીય બેઠક પર મતદાન શાંતિપૂર્ણ રહેતા તંત્રને હજુ સુધી રાહત રહી છે. ઉંચા મતદાનની ખાતરી કરવા માટે તમામ પગલા તંત્ર દ્વારા લેવામાં આવ્યા છે. અગાઉના ત્રણ રાઉન્ડના મતદાનમાં કોઈ હિંસા થઈ નથી.

# ગુજરાતમાં લોકસભા માટેની ચૂંટણીમાં કુલ ૩૩૪ ઉમેદવાર

અમદાવાદ, તા.૧૨

ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે મતદાન યોજાનાર છે જેની તમામ તૈયારીઓ કરી લેવામાં આવી છે. આજે ઉમેદવારીપત્ર પરત ખેંચવાના દિવસ બાદ લોકસભાની ચૂંટણી માટેનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું હતું. ઉમેદવારી પત્રો પાછા ખેંચવામાં આવ્યા બાદ લોકસભાની ચૂંટણીમાં હવે ગુજરાતમાં ૩૩૪ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે.

ઉમેદવારીપત્રો પાછા ખેંચવાના દિવસે ૭૯ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી હતી. લોકસભાની સામાન્ય ચૂંટણીમાં કુલ ૪૧૩ ઉમેદવાર હતા જે પૈકી ૭૯ ઉમેદવારો મેદાનમાંથી નિકળી ગયા છે. ગુજરાતમાં ૩૦મી એપ્રિલના દિવસે સવારે સાત વાગ્યાથી સાંજે છ વાગ્યા સુધી મતદાન યોજાશે. લોકસભાની ચૂંટણીની સાથે સાથે ખાલી પડેલી વિધાનસભાની બેઠકોની પેટાચૂંટણી માટે પણ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચ્યા બાદ હવે પેટાચૂંટણીમાં ૭૮ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. લોકસભાની સામાન્ય ચૂંટણીની સાથે સાથે અબડાસા, રાપર, હિંમતનગર, વિસાવદર, સોમનાથ, લાઠી, માંડવી વિધાનસભા મતવિસ્તારની પેટાચૂંટણી માટે ઉમેદવારી પાછા ખેંચવાનો આજે છેલ્લો દિવસ હતો. સાત વિધાનસભા બેઠકની પેટાચૂંટણી માટે કુલ ૧૦૪ માન્ય ઉમેદવાર હતા જે પૈકી ૨૬ ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચી લેતા ગુજરાતમાં હવે પેટાચૂંટણીમાં ૭૮ ઉમેદવાર મેદાનમાં રહ્યા છે. પેટાચૂંટણીમાં પણ રોમાંચક જંગ ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ખેલાય તેવી શક્યતા છે. વિધાનસભાની પેટાચૂંટણીનું ચિત્ર પણ સ્પષ્ટ થયું છે. ચૂંટણી પંચ દ્વારા આજે આ અંગેના આંકડા જારી કરવામાં આવ્યા હતા.

# કોર્પોરેશન ટેક્સ ન ભરનારની મિલકતોની હરાજી કરી શકશે

અમદાવાદ, તા.૧૨

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટોલ ટેક્ષની આવક રદ થતાં ખાલી હવે પ્રોપર્ટી ટેક્ષની આવક એ એક જ સ્ત્રોત રહ્યો છે. જેનાથી મ્યુનિસિપલ કોર્પોરેશન પ્રોપર્ટી ટેક્ષના આવકની કમાણી કરી શકે છે. જો કે હવે મ્યુનિસિપલ કોર્પોરેશન ટેક્ષ ન ભરનાર કરદાતાઓના મિલકતની હરાજી પણ કરી શકે છે. જો કે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા લોકસભાની ચૂંટણીના લીધે ડિફોલ્ટર્સ વિરૂદ્ધ ઢીલુ વલણ અપનાવ્યું છે. તેમના ટાર્ગેટ કરતાં ઓછી પ્રોપર્ટી ટેક્ષની આવકની કમાણી થઈ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ટેક્ષ વિભાગ દ્વારા નાણાંકીય વર્ષના છેલ્લા ૨-૩ મહિનાથી ટેક્ષ ન ભરનાર કરદાતાઓની મિલકતોને સીલ મારી દેવા સુધીના પગલાં ભરવામાં આવે છે. કરદાતાઓ જ્યારે પૂરેપૂરા નાણાંની ભરાઈ કરે ત્યારે સીલ ખોલવામાં આવે છે ક્યાં તો આંશિક ચુકવણીથી પણ સીલ ખોલી દેવામાં આવે છે, ક્યાં તો રાજકીય દબાણથી સીલ મારતા અટકાઈ દેવામાં આવે છે. જો ડિફોલ્ટર પોતે દુકાનનો માલિક હોય તો સત્તાવાળાઓ તેના માલની હરાજી કરીને બાકી ટેક્ષના નાણા લઈ લે છે. દુકાનદાર ભાડુઆત હોય તો કોર્પોરેશન દ્વારા કોઈ પગલાં લેવામાં આવતા નથી.

બાકી ટેક્ષના કરદાતાઓની મિલકતોને મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પાણી, ગટરના કનેક્શન પણ કાપી નાંખવાની સત્તા છે. જો કે મ્યુનિસિપલ કોર્પોરેશન ભાગ્યે જ પાણી-ગટરના કનેક્શન કાપે છે. અગાઉ વર્ષો પહેલા મ્યુનિસિપલ કોર્પોરેશનને ડિફોલ્ટર્સની દુકાનમાં રખાયેલા માલ-સામાનની હરાજી કરી દીધી હતી અને બાકી ટેક્ષના નાણાં વસુલાત કરવામાં આવ્યા હતા.

### બેલેટ યુનિટથી મતદાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

બેઠકોની પેટા ચૂંટણી પણ યોજાઈ રહી છે. જેમાં સૌથી વધુ ઉમેદવારો જૂનાગઢ જિલ્લાની સોમનાથ બેઠક પર નોંધાયા છે. આ પેટા-ચૂંટણી માટે પણ બે બેલેટ યુનિટ વાપરવામાં આવશે. આ બેઠક પર ૨૫ ઉમેદવારો મેદાનમાં છે.

રાજ્યમાં લોકસભાની સામાન્ય ચૂંટણી અને વિધાનસભાની પેટા-ચૂંટણી માટે ૩૦મી એપ્રિલે મતદાન થવાનું છે. પાંચ લોકસભા અને વિધાનસભાની એક પેટા-ચૂંટણીમાં બે બેલેટ યુનિટથી મતદાન યોજાશે તે રાજ્યમાં એક વિક્રમ બનશે.

### ૧૮ ઉમેદવારો જંગમાં... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ન હોવાની વાતો પણ ત્યાં ચર્ચાતી સાંભળવા મળી હતી.

આખરે ૩.૦૧ મિનિટે ચૂંટણી અધિકારી ડૉ. સ્વરૂપે ઉમેદવારી પત્ર પાછા ખેંચવાની મુદત પૂર્ણ થયાની જાહેરાત કરી હરીફ ઉમેદવારોની બેઠક યોજી અને પ્રતીક ફાળવણી અંગેની કાર્યવાહી હાથ ધરી હતી.

ગાંધીનગર સંસદીય મતવિસ્તાર માટે ઉમેદવારોના ફોર્મની ચકાસણીને અંતે ૨૦ ઉમેદવારો મેદાનમાં હતા અને આજે બે ઉમેદવારોએ તેમની ઉમેદવારી પાછી ખેંચતા હવે ૧૮ ઉમેદવારો મેદાનમાં રહેવા પામ્યા છે.

જે ૧૮ ઉમેદવારો મેદાનમાં છે તેમાં ૩ રાષ્ટ્રીય પક્ષના ઉમેદવારો છે જ્યારે પાંચ રજીસ્ટર્ડ થયેલી પાર્ટીના ઉમેદવારો છે જ્યારે ૧૦ અપક્ષ ઉમેદવારો મેદાનમાં છે. હવે બહુકોણીય જંગ ખેલાશે. ગાંધીનગર બેઠક માટે ૧૭ લાખ, ૩૩ હજાર કરતાં વધુ મતદારો નોંધાયેલા છે. ૩૦મી એપ્રિલે હવે મતદાન થશે.

### ઈલેક્શન લાઈવ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ઈમાનદાર નેતા ગણાવ્યા હતા.

સેક્ટર-૧૧માં વિવિધ સ્થાનો પર જેમાં ખાણી પીણીની લારીઓ, ચાની કીટલી અને પાર્કિંગ લોટમાં લોકોને મળીને અભિપ્રાય પુછવામાં આવ્યા હતા પરંતુ મોટા ભાગના લોકોએ અભિપ્રાય જણાવવા અને નામ જાહેર કરવામાં નિરાશાજનક વલણ દાખવ્યું હતું. એક ઓફિસમાં આસીસ્ટન્ટ તરીકે કાર્ય કરતા મિતેષભાઈએ નરેન્દ્ર મોદી વડાપ્રધાન થશે તેથી વધુ કાંઈ કહેવા ઈન્કાર કર્યો હતો. જ્યારે એક વીમા કંપનીના સેલ્સ મેનેજરે મોદી આવશે તો ફરીથી રોયલ્ટી અને શેરમાર્કેટ ક્ષેત્રે તેજી આવશે તેવો મત વ્યકત કર્યો હતો.

ટચૂકડી જાહેર ખબર
વેચવાની છે
દુકાન નં. ૬, સેક્ટર-૨૨, સેક્ટર-૧૭/૨૨, બસ સ્ટેન્ડ પાસે
સંપર્ક : ભગવતીલાલ તેલી
૯૪૨૮૩ ૫૧૯૯૨
સ્થળ : નાના ગ-૨ ચોકડી
સાંજે : ૬ થી ૧૧
મુકેશ ભાજીપાઉં સેન્ટર